# <u>અહેવાલ</u>

## "Student Sensitisation Program on SSIP 2.0"
## "Entrepreneurship & Innovation"

તારીખ: **23/05/2026**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**આયોજક: ISIICTL વિભાગ, BAOU**

**(ઇનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટર્નશિપ, ઇન્ક્યુબેશન, કોલેબોરેશન, ટેકનોલોજી અને લિંકેજીસ)**

**સ્થળ: શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ**

**એન્ડ શ્રીમતી જે. કે. શાહ એન્ડ શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ**

**અભ્યાસ કેન્દ્ર કોડ: 1802**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના સતત માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ તા. 23/05/2026, શનિવારના રોજ, ISIICTL વિભાગ દ્વારા સુરત પ્રાદેશિક કેન્દ્ર હેઠળના અભ્યાસ કેન્દ્ર શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે. કે. શાહ એન્ડ શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ (1802), વ્યારા, જિ. તાપી ખાતે વિદ્યાર્થીઓ માટે **"Student Sensitization Program on SSIP 2.0 – Entrepreneurship & Innovation"** વિષયક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમમાં ISIICTL વિભાગ (BAOU)ના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમાર મુખ્ય વક્તા તરીકે ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. ઉપરાંત સુરત પ્રાદેશિક કેન્દ્રના અસિસ્ટન્ટ રિજનલ ડિરેક્ટર શ્રીમતી ધિયા કે. ત્રિવેદી તથા અસિસ્ટન્ટ રિજનલ ડિરેક્ટર શ્રી ભૌતિક વોરા તેમજ અભ્યાસ કેન્દ્ર ખાતે ડૉ. દર્શન સોની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે ગુજરાત સરકારની મહત્વપૂર્ણ અને મહત્વાકાંક્ષી પહેલ Student Startup and Innovation Policy (SSIP 2.0) અંગે વિસ્તૃત માહિતી આપતાં વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી કે, આ યોજના વિદ્યાર્થીઓના નવીન, સંશોધનાત્મક તથા ઉદ્યોગલક્ષી વિચારોને સ્ટાર્ટઅપ સ્વરૂપે વિકસાવવા માટે ગ્રાન્ટના માધ્યમથી આર્થિક સહયોગ પૂરો પાડવાનું સશક્ત સાધન છે. તેમણે સ્ટાર્ટઅપ માટે મળતી ગ્રાન્ટની પાત્રતા, અરજી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા તેમજ ઇનોવેશનના ક્ષેત્રમાં Idea થી Proof of Concept (PoC) સુધી

પહોંચવાની સમગ્ર પ્રક્રિયા વાસ્તવિક અને પ્રેરણાદાયક ઉદાહરણો દ્વારા સરળ અને અસરકારક રીતે સમજાવી હતી. ઉપરાંત કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા (Entrepreneurship)ના મૂળભૂત સિદ્ધાંતોની સમજ આપવામાં આવી હતી, જેના દ્વારા તેઓ પોતાના વિચારને વ્યવસાયિક દૃષ્ટિકોણમાં પરિવર્તિત કરી સ્વયંસક્ષમ ઉદ્યોગસાહસિક બની શકે. આ સાથે, વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના (PM Internship Yojana) અંતર્ગત ઉપલબ્ધ કારકિર્દી તકો, ઉદ્યોગ આધારિત પ્રાયોગિક કૌશલ્ય અનુભવ અને ભવિષ્યની રોજગાર સંભાવનાઓ અંગે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના મૌલિક અને સ્ટાર્ટઅપ આધારિત નવીન વિચારો રજૂ કર્યા હતા.સમગ્ર કાર્યક્રમ માહિતીપ્રદ, પ્રેરણાદાયક તથા અત્યંત સફળ સાબિત થયો હતો.

## ફોટોગ્રાફ








GPS Map Camera
Tapi,Gujarat,India
Vyara Main Road, Vyara, Tapi, Gujarat 394650, India
Lat 21.109016, Long 73.370214
05/23/2026 12:35 PM GMT+05:30


GPS Map Camera
Tapi,Gujarat,India
Vyara Main Road, Vyara, Tapi, Gujarat 394650, India
Lat 21.109143, Long 73.370118
05/23/2026 12:35 PM GMT+05:30